**ફોજદારી પરચુ. અરજી.નં. ૦૯/૨૦૨૬**

**-:: મુદ્દામાલ અરજી લગત હુકમ ::-**

**બાકોર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૧૨૫૦૪૮૩/૨૦૨૫ ના કામે મુદ્દામાલ મહીન્દ્રા કંપનીનુ પીકઅપ ડાલુ જેનો રજી.નં. જીજે. ૩૧. ટી. ૬૭૭૧ તથા ચેસીસ નંબર- MA1RA2TTKP6G49484 તથા એન્જિન નંબર- TTP4G22656 મુદ્દામાલનો વચગાળાની કસ્ટડીથી પરત મેળવવાની અરજી લગત હુકમ.**

.................................................................................................

(૧) અરજી તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. અરજદારના વિ.વ.શ્રી. ને તેમજ સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર વિ.વ.શ્રીએ અદાલતને એવી રજુઆત કરેલ છે કે, આ કામે પોલીસે મુદ્દામાલ તરીકે મહીન્દ્રા કંપનીનુ પીકઅપ ડાલુ જેનો રજી.નં. જીજે. ૩૧. ટી. ૬૭૭૧ બાકોર પો.સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૮૭૦૦૧૨૫૦૪૮૩/૨૦૨૫, પ્રાણીઓની સાચવણી અંગેનો અધી.ની કલમ- ૫,૫(૧),૫(૧-એ),૬ એ(૧),૬ એ (૩), ૬ એ(૪) ,૮(૪), ૧૦ તથા પશુઓ પ્રત્યે ક્રુરતા અધી.ની કલમ- ૧૧ (૧)(એ),૧૧(૧)(ડી),૧૧(૧)(ઈ),૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા જીપીએકટ ની કલમ- ૧૧૯ મુજબના ગુનાના કામે જપ્ત કરેલ છે. આ મુદામાલ વાહન માં માં કુલ ભેસો નંગ- ૩ તથા બળદ નંગ-૧ ને ટુંકા દોરડાથી બાંધી હલન ચલન ન કરી શકે તે રીતે ક્રુરતા પુર્વક ખીચો ખીચ ભરી તેઓની જરૂરીયાત મુજબ પુરતા ખોરાક પાણીની કોઈ વ્યવસ્થા ન રાખી અને ફર્સ્ટ એઈડ બોકસની વ્યવસ્થા ન રાખી તેમજ રાજય સરકાના હુકમનો ભંગ કરી તથા યોગ્ય સતાધિકારીની પ્રમાણપત્ર

વગર કતલ કરવાના ઈરાદે પકડાયેલ છે.સદર મુદામાલ વાહન વપરાશ વગર પડી રહે તો તેની બોડી ને નુકશાન થાચ તેમ હોય અને અરજદારને જરુરીયાત ની વસ્તુ હોય વચગાળાની કસ્ટડી પરત મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે હાલની અરજી આવતા, એ.પી.પી.શ્રીનાઓએ ગુનાની ગંભીરતા અને કાયદાની જોગવાઈને લક્ષ્યમાં રાખી મુદ્દ્માલ વાહન છોડવા સામે વાંધો છે.

(૩). આ કામે અરજદાર તર્ફે રજુ થયેલ અરજી તથા સાથેના દસ્તાવેજો ધ્યાને લેતા, સદર મુદ્દ્માલ વાહન અરજદારના નામે હોવાનુ ફલીત થાય છે.તેમજ અરજદારે હાલની અરજી અત્રેની સીવીલ કોર્ટ ખાનપુર,મુ. બાકોર ખાતે બી.એન.એસ.એસ.ની કલમ– ૪૯૭ અન્વયે આપેલ છે તેમજ આ કામના અરજદાર સિવાય અન્ય કોઈ વ્યકિતએ સદર મુદ્દ્માલ માટે કલેઈમ કરેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે તેમની રજુઆતમાં જણાવેલ છે કે, સદર મુદ્દ્માલપ્ર ાણીઓની સાચવણી અંગેનો અધી.ની કલમ– ૫,૫(૧),૫(૧–એ),૬ એ(૧),૬ એ (૩), ૬ એ(૪) ,૮(૪), ૧૦ તથા પશુઓ પ્રત્યે ક્રુરતા અધી.ની કલમ– ૧૧ (૧)(એ),૧૧(૧)(ડી),૧૧(૧)(ઈ),૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા જીપીએકટ ની કલમ– ૧૧૯ સાથે વાંચતા, હાલની અરજી મંજુર નહી કરવા જણાવેલ છે.

(૪). જેથી આ કામે અરજી તથા અરજી સાથેના દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદાર સિવાય હાલના મુદ્દ્માલ વાહન અંગે અન્ય કોઈએ કલેઈમ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર નથી. રજુ પુરાવા ધ્યાને લેતા, મુદ્દ્માલ વાહન અરજદારની માલીકીનું છે અને અરજદાર સિવાય અન્ય કોઈ વ્યકતીએ સદર મુદ્દ્માલ વાહન અંગે કોઈ કલેઈમ કરેલ ન હોવાથી હકિકત રેકર્ડ પર જણાય છે.

**ફોજદારી પરચુ. અરજી નં. ૦૯/૨૦૨૬**

(૫) સદરહું કામે અરજદારની અરજી લગત થયેલ હુકમ મુજબ ત.ક. અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જે બાકોર પો.સ્ટે. જાવક નં. ૨૨૨/૨૦૨૬ થી રજુ કરેલ છે જે વંચાણે લેતાં ઉપરોકત મુદ્દામાલ હાલના અરજદાર પરત સોપવાથી ગુનાહીત પ્રવૃતિની વેગ મળે તેમ હોય તથા ફરીથી ગુનાહીત પ્રવુતિ માં ઉપયોગ કરે તેવી સંભાવના હોઈ , મુદ્દામાલ વાહન પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે.

**સને ૨૦૧૭ ના સુધારા પહેલાની કલમ નીચે મુજબ હતી:–**

(૪) પેટા કલમ (૩) હેઠળ એવી રીતે જપ્ત કરેલુ વાહન અથવા સાધન, એવી જપ્તીની તારીખ થી છ મહીના પુરા થાય તે પહેલા અથવા કોર્ટના આખરી ચુકાદા સુધી, બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી, કોર્ટના હુકમથી ખત (બોન્ડ) અથવા જામીનગિરી ઉપર મુકત કરી શકાશે નહી.

(૬). ગુજરાત પશુ સંરક્ષણઅધિનિયમ ૧૯૫૪(એમેન્ડમેન્ટ) એકટ ૨૦૧૭ ની કલમ–૬(ક) વંચાણે લેતા તે નીચે મુજબ છે.

**૬ ક નિર્દિષ્ટ કરેલા પશુઓની વધ માટે હેરફેર કરવા સામે પ્રતિબંધ:**

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની જોગવાઈઓનુ ઉલ્લઘંન કરીને, કલમ–૦૫ ની પેટા કલમ(૧ક) માં નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની, રાજયની અં દરના કોઈ સ્થળે, તેના વધના હેતુ માટે અથવા તેનો એવી રીતે વધ કરવામાં આવશે અથવા વધ થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે, હેરફેર કરી શકશે નહીં અથવા હેરફેર કરવાની તૈયારી બતાવી શકશે નહી અથવા હેરફેર કરાવડાવશે નહી.

પ્રિન્સીપાલ જયુ મેજી.ફ.ક.બાકોર,

(૩) કોઈપણ વ્યકિત, પેટા કલમ(૧) ની જોગવાઈઓનું ઉલ્લઘંન કરીને કલમ-૫ ની પેટા કલમ(૧ક) માં નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની હેર ફેર કરે અથવા હેર ફેર કરાવડાવે, ત્યારે એવા પશુ સહિત, એવા પશુની હેરફેરમાં ઉપયોગમાં લીધા હોય તેવા વાહનો અથવા કોઈ સાધન રાજ્ય સરકાર આ અર્થે નિમણુક કરે તેવા સત્તાધિકારી અથવા અધિકારી દવારા જપ્ત થવાને પાત્ર થશે.

(૪) પેટા કલમ(૩) હેઠળ એવી રીતે જપ્ત કરેલુ વાહન અથવા કોઈ સાધન, ઠરાવવામાં આવે તેવી રીતે સરકાર દાખલ થશે:

(૭) આ કામે અગાઉના કાયદાની ક્રિમીનલ પ્રોસેજર કોડની કલમ-૪૫૧ તથા હાલના બી.એન.એસ.એસ. કલમ- ૪૯૭ ધ્યાને લેતા તથા સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.ગુજરાત રાજ્ય, જી.એલ.એચ.૨૦૦૩ (૧)૩૦૭ નો ચુકાદો માનસહ વંચાણે લીધો. પરુંતુ, આ કામે એ નોંધનીય છે કે, સદર જોગવાઈ કરવામાં આવેલ જનરલ છે. એટલે કે જયારે કોઈ સ્પેશિયલ કાદામાં કોઈ ચોકકસ જોગવાઈ કરવામાં આવેલ ન હોય, તો તેવા સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ લાગુ પાડી શકાય. પરંતુ, આ કામે હાલના કેસમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૧૭ ની કલમ-૬(ક) નિયમ (૪) ને વંચાણે લેવામાં આવે તો, તેમાં આવા પ્રકારના ગુનામાં વપરાયેલ મુદ્દામાલ વાહન સરકાર ખાતે ખાલસા કરવાની હોય જેથી વચગાળાની કસ્ટડી તરીકે પશુની હેરા ફરીમાં વપરાયેલ હાલનું વાહન અરજદારને પરત સોંપી શકાય નહી. જે ધ્યાને લેતા, મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપી શકાય તેમ ન હોવાનું આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

પ્રિન્સીપાલ જ્યુ મેજી.ફ.ક.બાકોર,

**ફોજદારી પરચુ. અરજી નં. ૦૯/૨૦૨૬**

---

**-:હુકમ:-**

આ કામના અરજદાર / આરોપી પુનાભાઈ કાળુભાઈ બામણીયા વિ. નાઓ સામે પ્રાણીઓની સાચવણી અંગેનો અધી.ની કલમ- ૫,૫(૧),૫(૧-એ),૬ એ(૧),૬ એ (૩), ૬ એ(૪) ,૮(૪), ૧૦ તથા પશુઓ પ્રત્યે ક્રુરતા અધી.ની કલમ- ૧૧(૧)(એ),૧૧(૧)(ડી),૧૧(૧)(ઈ),૧૧(૧)(એચ),૧૧(૧)(કે) તથા જીપીએકટ ની કલમ- ૧૧૯ મુજબનો ગુનો નોંધાયેલ છે તે ગુનાના કામે અરજદાર/ આરોપી યાકુબભાઈ ખીમાભાઈ મુલતાની , રહે. મકાન નં. ૯૯૯, ચાંદ ટેકરી, મોડાસા,તા. મોડાસા, જી.અરવલ્લી નાઓએ તેઓની મહીન્દ્રા કંપનીનુ પીકઅપ ડાલુ જેનો રજી.નં. જીજે. ૩૧. ટી. ૬૭૭૧ તથા ચેસીસ નંબર- MA1RA2TTKP6G49484 તથા એન્જિન નંબર- TTP4G22656 વચગાળાના હુકમ થી પરત મેળવવાની અરજી **ના- મંજુર** કરવામાં આવે છે.

આ હુકમમાં, આજરોજ તા. ૦૨ મી માહે એપ્રીલ સને-૨૦૨૬ ના રોજ આ કોર્ટની સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મુ. બાકોર
તારીખ : ૦૨/૦૪/૨૦૨૬

**(અજીતકુમાર દેવાભાઈ પરમાર )**
પ્રિન્સીપાલ જયુડી.મેજી.ફ.ક.
મુ. બાકોર, તા. ખાનપુર, જી. મહીસાગર
(કોડ નં. જી.જે. ૦૧૩૫૯)

પ્રિન્સીપાલ જયુ મેજી.ફ.ક.બાકોર,